**શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની ઉજવણીના સંદર્ભમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકા તથા મુખ્ય અધિકારીશ્રીઓને રોકડ ઈનામ આપવા બાબત.**

ગુજરાત સરકાર,
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : નપઈ-૧૧૨૦૦૫-૨૪૪૬-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૩૦/૦૫/૨૦૦૫

**વંચાણે લીધા :-**

વિભાગને તા.૧૨-૫-૦૫નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**ઠરાવ :-**

રાજય સરકારે ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જુદી જુદી નગરપાલિકાઓ દ્વારા આ વર્ષમાં હાથ ધરવાની થતી કામગીરીને વેગ મળે તથા સારી કામગીરી બજાવનાર તંત્રને પ્રોત્સાહિત કરવાના હેતુસર સંદર્ભમાં દર્શાવેલ તા.૧૨-૫-૦૫ના ઠરાવથી દર્શાવેલ વિવિધ પ્રકારની કુલ ૧૨ કામગીરી ઓ પૈકી કોઈપણ એક કે વધુ બાબતમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકાને પ્રતિમાસના અંતે પ્રથમ ક્રમે આવનાર નગરપાલિકાને રૂા.૧૦.૦૦ લાખનુ તથા બીજા ક્રમે આવનાર નગરપાલિકાને રૂા.૫.૦૦ લાખનુ રોકડ ઈનામ તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય અધિકારીને પ્રથમ ક્રમે આવનારને રૂા.૧૦,૦૦૦/- તથા દ્વિતિય ક્રમે આવનારને રૂા.૫,૦૦૦/-નું રોકડ પ્રોત્સાહક ઈનામ આપવાનું ઠરાવેલ છે.

નગરપાલિકાઓને તથા મુખ્ય અધિકારીશ્રીને પુરસ્કૃત કરવા માટે ચોકકસ ધોરણો / માપદંડો અપનાવી શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકા તથા મુખ્ય અધિકારીશ્રીને ક્રમાનુસાર નકકી કરવાનું રહે. આ ક્રમાનુસાર નકકી કરવા માટે નીચે મુજબના માપદંડ ધ્યાને લઈને વિવિધ કામગીરી સંદર્ભમાં કુલ ૧૦૦ ગુણ પૈકી નીચે દર્શાવ્યા પ્રમાણેના ગુણો નકકી કરવામાં આવે છે.

૧ **દબાણો દૂર કરવા** ૧૦

(અ) દુર કરેલ દબાણોની સંખ્યા

(બ) દબાણ દુર કરવાથી ખુલ્લા થતા પ્લોટની સંખ્યા, તેનુ ક્ષેત્રફળ તથા કિંમત

(ક) ફરીથી દબાણ ન થાય તે માટે લીધેલ પગલા / ગોઠવેલ વ્યવસ્થાની વિગત ૧૦

૨ **મિલકતવેરો તેમજ અન્ય વેરાની વસુલાત**

(અ) ૧-૧-૨૦૦૪ થી ૩૧-૫-૨૦૦૪ સુધી કરેલ વસુલાત

(બ) ૧-૧-૨૦૦૫ થી ૩૧-૫-૨૦૦૫ સુધી કરેલ વસુલાત

(ક) ૧ એપ્રીલના રોજનું માંગણું. (૨૦૦૪ અને ૨૦૦૫)

(ડ) કરવેરાની વસુલાતની રકમ

(ઇ) વસુલાતની (માંગણા) સામે ટકાવારી

૧૦

૩ **ઇ-ગર્વનન્સ**

(અ) સરકારે નકકી કરી આપેલ ૭ મોડયુલનો અમલ કરેલ છે કે કેમ?

(બ) જો ના તો કેટલા મોડયુલનો અમલ કરે છે? કયા કયા ?

(ક) આ અમલ વારીથી જાહેર જનતાને તેમજ નગરપાલિકા તંત્રને થયેલ ફાયદાની વિગતો.

૧૦

૪ **ધન કચરાના નિકાલની કામગીરી.**

(અ) ડોર ટુ ડોર કલેકશન કરવામાં આવે છે કે કેમ?

(બ) ધન કચરાનું એકત્રીકરણ કેવી રીતે કરવામાં આવે છે.

(ક) ધન કચરાના પરીવહન માટે કરવામાં આવેલ કાર્યવાહી

(ડ) ધન કચરાના નિકાલ અન્વયે શહેરની એકંદરે સર્વાંગી સ્વચ્છતા

૫

૫ **ગૌરવપથ અંગેની કામગીરી**

(અ) ડસ્ટ ફ્રી ૧૦૦ ટકા કાર્પેટીંગ કરાવેલ છે કે કેમ?

(બ) ફુટપાટ બનાવેલ છે કે કેમ?

(ક) ટ્રી-ગાર્ડસ્ સાથે ગ્રીનરીની વ્યવસ્થા કરેલ છે કે કેમ? તેમજ મેઇન્ટેનન્શની જવાબદારી સોપેલ છે કે કેમ? તેની વિગત.

(ડ) રસ્તા પરની દુકાનોના સાઇન બોર્ડ સામ્યતાવાળા રાખેલ છે કે કેમ?

(ઇ) રસ્તા ઉપરના મકાનોના કલર કોડ એક સમાન રાખેલ છે કે કેમ? જો હા તો તેની વિગત.

૧૦

૬ **નાણાકીય વહીવટ સુદ્દઢ કરવો.**

(અ) વેરાવસુલાત વધારવા લીધેલ પગલાની વિગત.

(બ) બીનકર આવકનો વ્યાપ વધારવા લીધેલ પગલા, દર વધારેલ છે કે કેમ તેમજ બીનકર આવકની વસુલાતની રકમ તથા ટકાવારી.

(ક) યુઝર ચાર્જીસ વસુલ કરવામાં આવે છે કેમ? જો હા તો કઇ કઇ બાબતોમાં અને કેટલા તેમજ શહેરી વિકાસ વર્ષમાં નવા કોઇ યુઝર ચાર્જીસ દાખલ કરેલ હોઇ તો તેની વિગત.

(ડ) મહેકમ ખર્ચમાં ઘટાડો કરવા માટે લીધેલ પગલા.

(ઇ) મિલકત વેરાનો વ્યાપ વધારવા માટે લેવાયેલ પગલા.

(ફ) બાકી દેવા જેવા કે ગુજરાત વિદ્યુત બોર્ડના બીલના બાકી બીલ, પીવાનું પાણી પુરૂ પાડવા માટે મેળવેલ પાણીના બીલ વગેરે ભરપાઇ કરવા માટે લીધેલ પગલાની વિગત.

(ગ) કર્મચારીઓના બાકી પગાર તથા બાકી પેન્શનના ચુકવણા અંગે લીધેલ પગલા.

(હ) ઉંચા દરથી લીધેલ લોન પરનું વ્યાજનું ભારણ ઘટાડવા માટે તેને નીચા દરની લોનમાં રૂપાંતર કરવા બાબત લીધેલ પગલા.

(જ) નગરપાલિકાના હાલના દેવાની વિગતો

**૭ વહીવટીય સુધારણા અંગેની કામગીરી** ૧૦

(અ) કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા લીધેલ પગલા.

(બ) ખર્ચમાં કરકસર માટે લીધેલ પગલા.

(ક) વહીવટમાં એક્રુઅલ બેઇઝ ડબલએન્ટ્રી સીસ્ટમ દાખલ કરેલ છે કે કેમ?

(ડ) નગરપાલિકા પરનું ભારણ ઘટાડવા માટે કોઇ સેવાનું ખાનગીકરણ કરેલ છે કેમ?

(ઇ) ઓક્ટ્રોય નાબુદી વગેરે કારણોસર ફાજલ થયેલ સ્ટાફની કઇ રીતે સેવા લેવાય છે.

**૮ નગરને હરીયાળુ બનાવવા અંગેની કામગીરી.** ૧૦

(અ) ટ્રાફીક સર્કલ વિકસાવવા.

(બ) પંચવટી, સ્મૃતિવન અને રાશી આધારીત વૃક્ષારોપણ કરવું.

(ક) આ બાબતમાં લોકોનો મેળવેલ સહયોગ.

(ડ) ગ્રીનફોર્ટ અથવા બ્લોક પ્લાનટેશન કર્યાની વિગતો.

**૯ વિકાસના તેમજ અન્ય કામો લોક ભાગીદારીથી કરવા.** ૧૦

(અ) લોક ભાગીદારીથી મેળવેલ નાણાકીય સહયોગ

(બ) લોક ભાગીદારીથી કરેલ જાહેરહીતના કામોની સંખ્યા

(ક) લોક ભાગીદારીથી કરેલ કામોની રકમ

(ડ) નાણાકીય સહાય સિવાયના લોકોના સહયોગથી કરેલ વિકાસના કામોની સંખ્યા તથા રકમ.

**૧૦ નગરના હેરીટેજ સંદર્ભમાં કરવામાં આવેલ કામગીરી** ૫
હેરીટેજની જાળવણી અને પ્રોટેકશન માટે લીધેલ પગલા.

**૧૧ શહેરી ગરીબોના ઉત્થાન માટેની કામગીરી.** ૫
(અ) શહેરી ગરીબોને સરકારી યોજનાઓનો અપાવેલ લાભ
(બ) શહેરી ગરીબો માટેના મકાનોના બાંધકામ
(ક) ગરીબ વિસ્તારોમાં પાયાની ન્યુતમ જરૂરીયાત પુરી પાડેલ હોય તો તેની વિગત
(ડ) સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના અન્વયેના જુથોની રચના

**૧૨ અન્ય નાવીન્યપૂર્ણ (મહત્વની સુધારાત્મક) કામગીરી** ૫
કઇ વિશિષ્ટ કામગીરી બજાવેલ છે. તેના પરીણામે લોકોને તથા તંત્રને શી રીતે તથા કેટલી ઉપયોગી પુરવાર થયેલ છે.

આ યોજનાની સમગ્ર કામગીરી નગરપાલિકા નિયામકશ્રીની કચેરીએ સંભાળવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી.એમ.ગોહીલ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,
- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- મુખ્ય કરોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
- તમામ જીલ્લા કલેકટરશ્રીઓ

- સર્વ અધિકારીશ્રીઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ પ્રમુખશ્રી / મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકા.એન્ડ એન્ટા.) અમદાવાદ / ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ ભવન, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ.

Conti.

શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ ની ઉજવણીના સંદર્ભમા શ્રેષ્ઠ કામગીરી કરનાર નગરપાલિકા તથા મુખ્ય અધિકારીને રોકડ ઇનામ આપવા બાબત.

ગુજરાત રાજય,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનપઇ/૧૧૨૦૦૫/૨૪૪૬/આર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૦/૫/૨૦૦૫.

**વંચાણે લીધોઃ-**

(૧) આ વિભાગનો તા.૧૨/૫/૨૦૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) આ વિભાગનો તા.૩૦/૫/૨૦૦૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**ઠ રા વ :-**

રાજયની નગરપાલિકાઓ દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ ની ઉજવણીના સંદર્ભમાં વિવિધ પ્રકારની વિકાસલક્ષી કામગીરીઓ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકાઓમાં વહીવટી, નાણાંકીય તથા યોજનાકીય કામગીરીમાં ઝડપ લાવવા નગરપાલિકાઓને આત્મ નિર્ભર બનાવવા, શહેરોને સુંદર અને સુરમ્ય બનાવીને તેઓના સર્વાંગી વિકાસ સાધવા દરેક સ્તરે વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં પ્રોત્સાહન તેમજ અન્યને પ્રેરણા મળે તે હેતુથી નગરપાલિકા તથા મુખ્ય અધિકારીશ્રીને રોકડ ઇનામ આપવાની યોજના ઉકત ક્રમાંકઃ(૧) ના ઠરાવથી દાખલ કરવામાં આવી છે અને ક્રમાંકઃ(૨) ના ઠરાવથી માપદંડ નિયત કરવામાં આવેલ છે. આ નિયત કરેલ માપદંડને ધ્યાને લઇ રાજયની નગરપાલિકાઓને તથા ચીફ ઓફિસરશ્રીને પ્રથમ તથા દ્રિતિય ક્રમ આપવાની કામગીરી નીચે દર્શાવેલ સમિતિ દ્વારા કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | નગરપાલિકા નિયામકશ્રી | નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| (૨) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી | ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ. | સભ્યશ્રી |
| (૩) | પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, | પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, રાજકોટ. | સભ્યશ્રી |
| (૪) | સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એન્ડ પ્લાનીંગ સેન્ટર (સેપ્ટ) નાં એક પ્રતિનિધિ | સેન્ટર ફોર એનવાયરનમેન્ટ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી, કસ્તુરભાઇ લાલભાઇ કેમ્પસ, યુનિર્વસીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ | સભ્યશ્રી |
| (૫) | સીટી મેનેજર્સ એસોસીએશન (સીમેગ) ના એક પ્રતિનિધિ. | સીટી મેનેજર્સ એસોસીએશન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પશ્ચિમ ઝોન, ઉસ્માનપુરા, ચાર રસ્તા અમદાવાદ | સભ્યશ્રી |
| (૬) | નાયબ નિયામકશ્રી | નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |

YAS-NPM

કલેકટરશ્રી તરફથી મળેલ દરખાસ્તોની સમિતિએ સરકારશ્રીએ નિયત કરેલ માપદંડોને ધ્યાને લઇ ચકાસણી કરી અભિપ્રાય સહિતનો અહેવાલ કામગીરી હેઠળના માસ પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.ગોહિલ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,

→ માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
→ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
→ અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
→ માન.મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
→ માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
→ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
→ નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
→ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
→ પ્રાદેશિક નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ.
→ સેપ્ટના પ્રતિનિધિ. સેન્ટર ફોર એનવાયરનમેન્ટ : પ્લાનીંગ એન્ડ કસ્તુરભાઇ ટેકનોલોજી, લાલભાઇ કેમ્પસ, યુનિર્વસીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
→ સીટી મેનેજર્સ પ્રતિનિધિ. સીટી મેનેજર્સ એસોસીએશન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પશ્ચિમ ઝોન, ઉસ્માનપુરા, ચાર રસ્તા અમદાવાદ
→ તમામ જીલ્લા કલેકટરશ્રીઓ,
→ સર્વે અધિકારીશ્રીઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ તમામ પ્રમુખશ્રીઓ/ મુખ્ય અધિકારીશ્રીઓ, સર્વે નગરપાલિકાઓ
→ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
→ એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એકા. એન્ડ એન્ટા.) અમદાવાદ/રાજકોટ.
→ જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
→ પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ ભવન, ગાંધીનગર.
→ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ પસંદગી ફાઇલ.
→ નાયબ સચિવ/ અધિકારીશ્રીની પસંદગી ફાઇલ.